નવી બાબત-૨૦૧૫-૧૬

અમદાવાદ શહેરમાં ટ્રાફીક એન્ફોર્સમેન્ટ તેમજ ટ્રાફીક નિયમનના કામકાજ માટે સુગ્રથિત માળખું તથા નવી જગ્યાઓની મંજૂરી બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ મહક/૧૦૨૦૧૩/૩૫૨૨(૧)/સ(પા.ફા.)

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ૪/૬/૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીનો તા.૨૨/૦૮/૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃ ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૪-૧૫/૧૮૩૨/૨૦૧૪.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીનો તા.૧૫/૧૧/૨૦૧૪નો પત્ર ક્રમાંકઃ ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૪-૧૫/૨૪૨૫/૨૦૧૪.

(૩) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરનો તા.૨૮/૧/૧૫નો પત્રક્રમાંકઃએ-૨/ટ્રાફીક પો.સ્ટે./દરખાસ્ત/૧૫૬/૨૦૧૫.

(૪) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરનો તા.૧૮/૫/૧૫નો પત્ર ક્રમાંક : જી-૭૨૫/ટ્રાફીક/૧૧૭૯/૧/૨૦૧૫.

(૫) ૨૦૧૫-૧૬ ના અંદાજપત્ર પ્રકાશન નં.૧૨, પાના.૧૭૯.

ઠરાવઃ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટનો વિસ્તાર ૭ ઝોન તથા ૧૪ ડીવીઝનમાં વહેંચાયેલો છે. અમદાવાદ શહેરમાં ટ્રાફીકની સમસ્યાઓ હળવી કરવા માટે રાજય સરકાર દ્વારા છેલ્લા કેટલાક સમયથી પોલીસ માનવબળ વધારીને આયોજન કરવામાં આવી રહેલ છે. તેના અનુસંધાનમાં વર્ષ ૨૦૧૫-૧૬માં પણ રાજય સરકાર દ્વારા અમદાવાદ શહેરમાં ટ્રાફીક એન્ફોર્સમેન્ટ, ટ્રાફીક નિયમન વગેરે કામકાજ માટે પોલીસ તંત્રમાં નવી જગ્યાઓ ઉભી કરવી,વાહનો પુરા પાડવા વગેરે અંગે વિચારણા કરવામાં આવી છે. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય તેમજ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર દ્વારા પણ આ અંગે સરકારશ્રીને જરૂરી દરખાસ્તો રજૂ થયેલી છે. હાલમાં અમદાવાદ શહેરમાટે ટ્રાફીક એન્ફોર્સમેન્ટના કામકાજ માટે અધિક પોલીસ કમિશનરથી લઇને પોલીસ કોન્સ્ટેબલ સુધીના જુદા જુદા સંવર્ગોનું કુલ મળીને ૨૪૬૧ જેટલું મંજૂર મહેકમ છે. અલબત ટ્રાફીકના કામકાજ માટેનું આ મહેકમ કોઇ ચોકકસ ઢાંચામાં ગોઠવાયેલ નથી. આથી

અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ટ્રાફીક સંબંધી એક સુગ્રથિત માળખું હાલના ઉપલબ્ધ મંજુર મહેકમ તેમજ નવા મંજુર કરવામાં આવનાર મહેકમની મદદથી ગોઠવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. તદ્અનુસાર આ અંગે પુખ્ત વિચારણાના અંતે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ટ્રાફીક સંબંધી બાબતો માટે નીચે મુજબનું માળખું નકકી કરવામાં આવે છે:

(૧) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર હેઠળ, અધિક પોલીસ કમિશનરશ્રી/સંયુકત પોલીસ કમિશનરશ્રી (ટ્રાફીક), ટ્રાફીકની બાબતમાં મુખ્ય અધિકારી તરીકે કામ કરશે.

- તેમની નીચેના સ્તરે નાયબ પોલીસ કમિશનરશ્રી(ટ્રાફીક) વેસ્ટ(પશ્ચિમ), નાયબ પોલીસ કમિશનરશ્રી(ટ્રાફીક) ઇસ્ટ(પૂર્વ) અને નાયબ પોલીસ કમિશનરશ્રી,( ટ્રાફીક) વહીવટ- એ પ્રમાણે કુલ ત્રણ અધિકારીઓ રહેશે.
- દરેક નાયબ પોલીસ કમિશનર હેઠળ બે મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ-એમ કુલ છ(૦૬) મદદનીશ કમિશનરશ્રીઓ રહેશે.
- અમદાવાદ શહેરના ૧૪ ડીવીઝન પૈકી દરેક ડીવીઝન દીઠ ટ્રાફીક સંબંધી કામકાજ માટે એક અલગ ટ્રાફીક પોલીસ સ્ટેશન રહેશે.
- નાયબ પોલીસ કમિશનરશ્રી(ટ્રાફીક) વેસ્ટ(પશ્ચિમ) હેઠળના બે મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓની હેઠળ દરેક પાસે ચાર- એમ કુલ આઠ ટ્રાફીક પોલીસ સ્ટેશનો રહેશે
- નાયબ પોલીસ કમિશનરશ્રી (ટ્રાફીક) ઇસ્ટ(પૂર્વ) હેઠળના બે મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓની હેઠળ દરેક પાસે ત્રણ- એમ કુલ છ ટ્રાફીક પોલીસ સ્ટેશનો રહેશે.
- નાયબ પોલીસ કમિશનરશ્રી, (ટ્રાફીક) વહીવટ હેઠળ મદદનીશ પોલીસ કમિશનરશ્રી, (ટ્રાફીક) વહીવટ તેમજ મદદનીશ પોલીસ કમિશનરશ્રી, (ટ્રાફીક) ટેકનીકલ એમ કુલ બે અધિકારીઓ રહેશે.
- કુલ ૧૪ ટ્રાફીક પોલીસ સ્ટેશનના આ માળખામાં દરેક પોલીસ સ્ટેશન હેઠળ ટ્રાફીક ચોકી કે ટ્રાફીક પોઇન્ટ પણ રહેશે.
- અમદાવાદ શહેરમાં ટ્રાફીકના કામો માટે હાલમાં મંજુર ૨૪૬૧ પૈકી ૧૨ પોલીસ ઇન્સ્પેકટર, ૪૪ પોલીસ સબ ઇન્સ્પેકટર, ૯૧૨ હેડ કોન્સ્ટેબલ/આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેકટર તથા ૧૪૮૫ પોલીસ કોન્સ્ટેબલો છે. નવા માળખામાં ટ્રાફીકનું દરેક પોલીસ સ્ટેશન, પોલીસ ઇન્સ્પેકટર કક્ષાનું રહેશે. સદરહુ તમામ ૨૪૫૩ જગ્યાઓની, નવા માળખામાં ઉભા કરવામાં આવતા કુલ ૧૪ ટ્રાફીક પોલીસ સ્ટેશનોમાં, ઉપર વંચાણે લીધેલ ક્રમ (૪) આગળના પોલીસ

કમિશ્નર, અમદાવાદના તા. ૧૮/૫/૨૦૧૫ના પત્ર અન્વયે ફાળવણી અને વહેંચણી કરી દેવાની રહેશે.

(૨) વધુમાં પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર હેઠળની સદરહુ કુલ મંજુર ૨૪૬૧ જગ્યાઓ અને ૪૭ ડ્રાઇવરોની જગ્યાઓ ઉપરાંત, આ હેતુ માટે વર્ષ ૨૦૧૫-૧૬ના બજેટમાં થયેલ જોગવાઇઓ અન્વયે,નીચે મુજબની નવી જગ્યાઓ ઉભી કરવાની પણ આથી વહીવટી મંજુરી આપવામાં આવે છેઃ-

| ક્રમાંક | સંવર્ગ | જગ્યાની સંખ્યા | જગ્યાનું પગાર ધોરણ | ગ્રે.પે. |
|---|---|---|---|---|
| ૧ | નાયબ પોલીસ કમિશનર | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ |
| ૨ | મદદનીશ પોલીસ કમિશનર | ૨ | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૫૪૦૦ |
| ૩ | બિન હથિયારી પોલીસ ઇન્સ્પેકટર | ૮ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ |
| ૪ | બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર/હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર | ૮૨ | ૯૩૦૦-૩૪૮૦૦ (૧૩૭૦૦ ફીકસ) | ૪૪૦૦ |
| ૫ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૬૪ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ |
| ૬ | મહિલા આસીસ્ટન્ટ સબ ઇન્સપેકટર/હેડ કોન્સ્ટેબલ | ૨૮૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ |
| ૭ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૮૯ | ૫૨૦૦-૨૦૨૦૦ (૭૮૦૦ ફીકસ) | ૧૮૦૦ |
| ૮ | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૩૩૭ | ૫૨૦૦-૨૦૨૦૦ (૭૮૦૦ ફીકસ) | ૧૮૦૦ |
| ૯ | ડ્રાઇવર પોલીસ કોન્સ્ટેબલ | ૧૪૭ | ૫૨૦૦-૨૦૨૦૦ (૭૮૦૦ ફીકસ) | ૧૮૦૦ |
| | કુલ | ૧૦૧૨ | | |

- સદરહું નવી મંજુર કરવામાં આવેલ જગ્યાઓને પણ, ઉપર્યુકત નવા માળખા હેઠળના ટ્રાફીક પોલીસ સ્ટેશનો, મદદનીશ પોલીસ કમિશનર, (ટ્રાફીક) તથા નાયબ પોલીસ કમિશનર (ટ્રાફીક)ની કચેરીઓ હેઠળ ફાળવી આપવાની રહેશે.

(૩) આ ઉપરાંત,દરેક ટ્રાફીક પોલીસ સ્ટેશન માટે ૦૨ એમ કુલ ૨૮ જીપ તથા પોલીસ સ્ટેશન દીઠ ૫ મોટર સાઇકલ- એમ કુલ ૭૦ મોટર સાઇકલ અને બધા પોલીસ સ્ટેશનની વચ્ચે ૫ કેઇન પણ નીચેની વિગતે આથી મંજુર કરવામાં આવે છે.

વાહનોની વિગતઃ-

| અ.નં. | વાહન | અંદાજીત કિંમત | સંખ્યા | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | જીપ | રૂા.૫ લાખ | ૨૮x૫,00,000 | રૂા.૧,૪0.00,000 |
| ૨ | મોટર સાઇકલ (પો.સ્ટે. દીઠ ૫ મો.સા.) | રૂા.૭૫,000હજાર | ૭0x૭૫,000 | રૂા.૫૨.૫0,000 |
| 3 | ક્રેઇન-૫ | રૂા.૧0,00,000 | ક્રેઇન ૧ નંગની કિંમત રૂા.૧0 લાખ | રૂા.૫0,00,000 |
| | કુલ | | | રૂા.૨,૪૨,૫0,000 |

(૪) વધુમાં, દરેક ટ્રાફીક પોલીસ સ્ટેશન દીઠ રૂા.૫ લાખ લેખે કુલ-૧૪ પોલીસ સ્ટેશનો માટે નીચેની વિગતે ફર્નિચર/કચેરી ખર્ચ પણ આથી મંજુર કરવામાં આવે છે.

ફર્નિચર/કચેરી ખર્ચ તથા અન્ય

| અ.નં. | વિગત | અંદાજીત રકમ | કુલ રકમ |
|---|---|---|---|
| ૧ | ફર્નીચર | રૂા.૭0,00,000 | રૂા.૭0,00,000 |
| | કુલ | | રૂા.૭0,00,000 |

(૫) આ નવા શરૂ કરવામાં આવનાર ટ્રાફીક પોલીસ સ્ટેશનો માટે નવી જગ્યા કે નવું મકાન ફાળવવાનું રહેશે નહીં, પરંતુ દરેક ડીવીઝનમાં હયાત રેગ્યુલર પોલીસ સ્ટેશનો પૈકી કોઇ એક પોલીસ સ્ટેશનમાં આ ટ્રાફીક પોલીસ સ્ટેશનને બેસવાની વ્યવસ્થા કરવાની રહેશે. અને તે પ્રમાણે તે પોલીસ સ્ટેશનને ટ્રાફીક પોલીસ સ્ટેશન તરીકે પણ ઘોષિત કરવાનું રહેશે. તેમજ ટ્રાફીકને લગતા કેસો તથા રોડ એકસીડેન્ટના કેસોની તપાસ જે તે ટ્રાફીક પોલીસ સ્ટેશને કરવાની રહેશે.

(૬) આ અંગે પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરે તેમની કક્ષાએથી વિગતવાર હુકમો અને સૂચનાઓ પ્રસિધ્ધ કરવાની રહેશે, જેમાં મુખ્યત્વે નીચેની બાબતો આવરી લેવાની રહેશેઃ-

- ટ્રાફીકના રોડ એકસીડન્ટ સહીતના ગુનાઓની તપાસ હવે રેગ્યુલર પોલીસ સ્ટેશનને બદલે નવા ઉભા થતા ટ્રાફીક પોલીસ સ્ટેશનોએ કરવાની રહેશે.
- નાયબ પોલીસ કમિશનર, (ટ્રાફીક)ની કચેરીઓ ખોલવી અને તેમને મહેકમની ફાળવણી.
- મદદનીશ પોલીસ કમિશનર, (ટ્રાફીક)ની કચેરીઓ ખોલવી અને તેમને મહેકમની ફાળવણી.

- દરેક ડીવીઝનમાં કયા રેગ્યુલર પોલીસ સ્ટેશનમાં ટ્રાફીક પોલીસ સ્ટેશન રહેશે તેની તથા તે ટ્રાફીક પોલીસ સ્ટેશનમાં જરૂરી મહેકમની ફાળવણી.
- દરેક સંવર્ગો માટેના લાઇન ઓફ કમાન્ડ. પોલીસની ફરજો અને જવાબદારીઓ, ગ્રાંટની ફાળવણીની વ્યવસ્થા વગેરે.
- સદરહુ ટ્રાફીક પોલીસ સ્ટેશનના સ્ટાફે પોલીસ સ્ટેશનનું કામકાજ તેમજ અમદાવાદ શહેરમાં ટ્રાફીક એન્ફોર્સમેન્ટ, ટ્રાફીક નિયમન વગેરે માટે જે ફરજો બજાવવાની થતી હોય કે જે જવાબદારીઓ નિભાવવાની થતી હોય તે તમામ ફરજો અને જવાબદારીઓ સહીતની તેમની ડયુટી વ્યવસ્થા ગોઠવવા અંગેની યોગ્ય- ઘટતી સુચનાઓ.

૨. સદરહુ નવી ઉભી કરવામાં આવતી જગ્યાઓ, વાહનો, ફરનીચરની ખરીદી નીચેની શરતો મુજબ કરવાની રહેશે.

**શરતોઃ-**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગકરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૭) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર-ધોરણ આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ, તે ખાતરી કરી લેવાની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણુક પામનાર ઉમેદવારને નિમણુક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતીને અનુસરીને કરવાની થશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ /લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૩) રાજય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) આ નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યાર બાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતાં પહેલાંના ત્રણ માસ અગાઉ વિભાગને રજુ કરી, જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૫) વાહનની ખરીદી બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘ ની જોગવાઇ અને શરતોને અનુસરીને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

(૧૬) બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહીં.

(૧૭) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહન જો પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરવાની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની રહેશે.

(૧૮) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૯) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ /૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો-વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. આ બાબતનો ખર્ચ "પ્લાન સદરઃ માંગણી- પોલીસ, મુખ્ય સદર, ૨૦૫૫-જિલ્લા પોલીસ, પેટા મુખ્ય સદરઃ ૦૦, ગૌણ સદરઃ ૦૬-જિલ્લા પોલીસ, પેટા સદરઃ૦૧-જિલ્લા પોલીસ ખુદ, ખર્ચનો પ્રકારઃ આયોજન/મતપાત્ર, ખર્ચનું હેડ ચાર્જેબલઃ ૨૦૫૫ ૦૦ ૧૦૯ ૦૬, સ્કીમકોડઃ ૧૧૪૫૧૨" હેઠળ ઉધરાવવાનો રહેશે અને ચાલુ વર્ષે કરવામાં આવેલ બજેટ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા), નાણા વિભાગની તા.૧૫/૪/૨૦૧૫ની નોંધથી અને સરકારશ્રીની તા.૦૩/૦૬/૨૦૧૫ થી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી.ગોસાઇ)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(વહીવટ),ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(કાયદો અને વ્યવસ્થા), ગુજરાત રાજય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી અમદાવાદ વિભાગ, અમદાવાદ.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી(ક.ગ.), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- પગાર અને હિસાબી અધિકારીશ્રી. ગાંધીનગર/અમદાવાદ.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ.
- નાણા વિભાગ/ઝ.૧-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ - નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.
- વર્ષ ૨૦૧૫-૧૬ માટેની નવી બાબતોની સિલેકટ ફાઇલ.